# નાસીરનગરનો મામલો ફરી ગૂંચવાયો

**હાઈકોર્ટે** અરજદારોની રજૂઆતને પગલે કેસની મુખ્ય અરજીને ‘પાર્ટ હર્ડ’ રાખવા નિર્ણય કર્યો

**જે આવાસો** બતાવ્યા તે આપ્યા નહીંની અસરગ્રસ્તોની રજૂઆત, સામે ડ્રોમાં અસરગ્રસ્તોની ગેરહાજરીનો મુદ્દો

અમદાવાદઃ સુરતના નાસિરનગર ડિમોલિશન કેસમાં ગુજરાત હાઈકોર્ટે મહત્વનો નિર્ણય લેતાં મુખ્ય અરજીને ‘પાર્ટ હર્ડ’ રાખવાની મંજૂરી આપી છે. પરિણામે કેસની આગળની સુનાવણી હવે જે વર્તમાન બેન્ચ સમક્ષ થઈ રહી છે તે જ બેન્ચ સમક્ષ હાથ ધરાશે. સુનાવણી દરમિયાન અસરગ્રસ્ત પરિવારોને જહાંગીરપુરામાં સારા અને સુવિધાસભર આવાસ બતાવ્યા બાદ અડાજણ અને ભેસ્તાન વિસ્તારમાં અત્યંત જર્જરિત મકાનો ફાળવવામાં આવ્યા હોવાની અરજદાર પક્ષે રજૂઆત કરી હતી. આ અંગેના ફોટોગ્રાફ્સ અને અસરગ્રસ્તો લકી ડ્રોમાં હાજર રહ્યા હોવાના વીડિયો પુરાવા પણ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા.

અસરગ્રસ્તો તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે, વહીવટી તંત્ર દ્વારા શરૂઆતમાં જહાંગીરપુરા વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળના ૧-બીએચકેના યોગ્ય મકાનો બતાવવામાં આવ્યા હતા અને અસરગ્રસ્તો ત્યાં રહેવા માટે સંમત પણ થયા હતા. જોકે, ત્યારબાદ અચાનક નિર્ણય બદલીને અડાજણ અને ભેસ્તાણ વિસ્તારમાં આવેલા અત્યંત દયનીય હાલતના મકાનો ફાળવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

અરજદાર પક્ષના વકીલે કોર્ટમાં અડાજણ અને ભેસ્તાનના આવાસોના ફોટોગ્રાફ્સ રજૂ કરી તેની સ્થિતિ અંગે રજૂઆત કરી હતી. આ મકાનોમાં માત્ર એક નાનું રસોડું અને એક રૂમ જેવી અત્યંત સાંકડી જગ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો હતો.

### અન્ય પાર્ટી જોડાતાં સરકારી પક્ષે જવાબ માટે સમય માંગ્યો

સરકારી વકીલે કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે, મૂળ અસરગ્રસ્તોની સાથે કેટલાક વધારાના બિનઅધિકૃત લોકો પણ નવા મકાનો મેળવવાની પ્રક્રિયામાં જોડાઈ ગયા હતા. અરજદારો દ્વારા રજૂ કરવામાં આવેલા સોગંદનામામાં કરાયેલી રજૂઆતોનો વિગતવાર જવાબ આપવા માટે સરકારી પક્ષે વધુ સમય માગ્યો હતો. આ તબક્કે અરજદાર પક્ષે કોર્ટને વિનંતી કરી હતી કે કેસમાં અત્યાર સુધી વિસ્તૃત દલીલો થઈ ચૂકી હોવાથી તેનો આખરી નિકાલ વર્તમાન બેન્ચ દ્વારા જ કરવામાં આવે. આ રજૂઆતને ધ્યાનમાં લેતાં કોર્ટે મુખ્ય અરજીને ‘પાર્ટ હર્ડ’ રાખવાની મંજૂરી આપી હતી. હવે કેસની આગામી કાર્યવાહી પણ આ જ વર્તમાન બેન્ચ સમક્ષ આગળ વધશે.

### ગેરકાયદે ડિમોલિશન સાબિત થાય તો પુનઃવસનનો ખર્ચ તંત્રએ ભોગવવો પડશે

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉની સુનાવણી દરમિયાન ગુજરાત હાઇકોર્ટે નાસિરનગર ડિમોલિશન મામલે કડક વલણ અપનાવ્યું હતું. કોર્ટ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે જો સત્તાધિકારીઓ દ્વારા ગેરકાયદે ડિમોલિશન કરવામાં આવ્યું હોવાનું સામે આવશે તો અસરગ્રસ્ત પરિવારોના પુનઃવસનની સંપૂર્ણ આર્થિક જવાબદારી તંત્રની રહેશે અને ગરીબ અસરગ્રસ્તો પાસેથી તેના માટે કોઈ નાણાં વસૂલવામાં નહીં આવે. નાસિરનગરમાં થયેલા ડિમોલિશનમાં સુરત મહાનગરપાલિકાના જવાબદાર અધિકારીઓ તેમજ પોલીસ અધિકારીઓની ભૂમિકાની તપાસ માટે ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિને આગામી તા. ૧૮ સપ્ટેમ્બર સુધીમાં સમગ્ર મામલે વિગતવાર તપાસ અહેવાલ રજૂ કરવાનો છે.

### ‘પાર્ટહર્ડ’નો કાયદામાં આ અર્થ થાય છે

સુરતના નાસિરનગર ડિમોલિશન કેસમાં ગુજરાત હાઇકોર્ટે મહત્વનો નિર્ણય લેતાં મુખ્ય અરજીને ‘પાર્ટ હર્ડ’ રાખવાની મંજૂરી આપી છે. જેમાં પાર્ટહર્ડનો કાયદાકીય ભાષામાં અર્થ થાય છે કે, કેસની આગળની સુનાવણી હવે જે વર્તમાન બેન્ચ સમક્ષ થઈ રહી છે તે જ બેન્ચ સમક્ષ હાથ ધરાશે. આ કેસની વાત કરીએ તો શરુઆતમાં 26 અરજદારો હતાં. ત્યારબાદ નવા અરજદાર ઉમેરાયા જે નાસીરનગર સિવાયના છે. જેથી વકીલે સમય માંગ્યો છે અને આ સમગ્ર કેસની પ્રોસેસ એક જ જજની દેખરેખ હેઠળ થાય તેને પણ પાસહર્ડ કહેવામાં આવે છે.

### SMC હાઇકોર્ટને પણ ઉઠા ભણાવે છે

■ **સુરત મહાનગર પાલિકા :** મકાનોની ફાળવણી માટેનાં ડ્રોમાં અસરગ્રસ્તો હાજર રહ્યા નહોતા

■ **અરજદાર :** તમામ અસરગ્રસ્તો ડ્રોમાં હાજર રહ્યા હતાં. હાજરીના વીડિયો ફૂટેજ પણ કોર્ટ સમક્ષ રજૂ કર્યા.

# તહેવારોની ભરમાર વચ્ચે સપ્ટેમ્બરથી નવેમ્બર સુધી પરીક્ષાની મેરેથોન

**વીએનએસજીયુએ** જાહેર કર્યું પરીક્ષા કેલેન્ડર, ૭ સપ્ટેમ્બરથી પરીક્ષાનો પ્રારંભ

**M.Ed.થી** લઈને B.Sc., BCA, B.Com., LL.B.-LL.M. સહિતના અભ્યાસક્રમોની પરીક્ષાઓ જાહેર

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા સંલગ્ન કોલેજોમાં સપ્ટેમ્બરથી નવેમ્બર દરમિયાન યોજાનારી વિવિધ ફેકલ્ટીની પરીક્ષાઓનું કેલેન્ડર જાહેર કરવામાં આવ્યું છે. પરીક્ષા કાર્યક્રમની શરૂઆત ૭ સપ્ટેમ્બરથી M.Ed. સેમેસ્ટર-૨ની ATKT પરીક્ષા સાથે થશે. ત્યારબાદ ૧૬ સપ્ટેમ્બરથી B.Sc. સેમેસ્ટર-૪ની રેગ્યુલર પરીક્ષા શરૂ થશે. ૧૭ સપ્ટેમ્બરથી B.A. સેમેસ્ટર-૪ અને BBA સેમેસ્ટર-૪ની ATKT પરીક્ષા યોજાશે. ૨૨ સપ્ટેમ્બરથી BCA સેમેસ્ટર-૨ અને ૪ની રેગ્યુલર પરીક્ષા શરૂ થશે, જ્યારે ૨૩ સપ્ટેમ્બરથી M.Sc. સેમેસ્ટર-૪ની ATKT પરીક્ષા યોજાશે. ત્યારબાદ ૨૫ સપ્ટેમ્બરથી B.Sc. સેમેસ્ટર-૨ની રેગ્યુલર પરીક્ષા શરૂ થવાની છે. ૨૮ સપ્ટેમ્બરથી B.Com. સેમેસ્ટર-૨ અને BBA સેમેસ્ટર-૨ની રેગ્યુલર/ATKT પરીક્ષા યોજાશે.

### પરીક્ષાની મહત્વની તારીખો એક નજરે

| તારીખ | અભ્યાસક્રમ | પ્રકાર |
|---|---|---|
| ૭ સપ્ટેમ્બર | M.Ed. સેમ.-૨ | ATKT |
| ૧૬ સપ્ટેમ્બર | B.Sc. સેમ.-૪ | રેગ્યુલર |
| ૧૭ સપ્ટેમ્બર | B.A. સેમ.-૪, BBA સેમ.-૪ | ATKT |
| ૨૨ સપ્ટેમ્બર | BCA સેમ.-૨, ૪ | રેગ્યુલર |
| ૨૩ સપ્ટેમ્બર | M.Sc. સેમ.-૪ | ATKT |
| ૨૫ સપ્ટેમ્બર | B.Sc. સેમ.-૨ | રેગ્યુલર |
| ૨૮ સપ્ટેમ્બર | B.Com. સેમ.-૨, BBA સેમ.-૨ | રેગ્યુલર/ATKT |
| ૧ ઓક્ટોબર | BCA સેમ.-3, ૫ | રેગ્યુલર |
| ૨૧ ઓક્ટોબર | M.Sc. સેમ.-3, LL.M. સેમ.-૨ | રેગ્યુલર |
| ૨૨ ઓક્ટોબર | B.Com. સેમ.-૫, BBA સેમ.-3, LL.B. સેમ.-3 | ATKT |
| ૨૪ ઓક્ટોબર | BCA સેમ.-૧ | રેગ્યુલર |
| ૨૮ ઓક્ટોબર | LL.B. સેમ.-૫, LL.M. સેમ.-3 | રેગ્યુલર/ATKT |
| 30 ઓક્ટોબર | M.Ed. સેમ.-૧ | રેગ્યુલર |
| ૨ નવેમ્બર | B.Ed. સેમ.-3 | રેગ્યુલર |
| ૨૭ નવેમ્બર | LL.M. સેમ.-૧, B.Com., LL.B. સેમ.-૧ | રેગ્યુલર |

# AIની ફ્લાઈટમાં બોમ્બની ધમકી અમદાવાદમાં ઇમરજન્સી લેન્ડિંગ

**શૌચાલયમાંથી** બોમ્બ હોવાનું લખેલું ટીશ્યુ પેપર મળી આવ્યું, શંકાસ્પદ વસ્તુ નહીં મળતા રાહત

અમદાવાદઃ અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આજે દમામથી નવી દિલ્હી જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટને બોમ્બની ધમકી મળતાં અમદાવાદ ડાયવર્ટ કરી ઇમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. ફ્લાઈટના શૌચાલયમાંથી બોમ્બ હોવાની ધમકી લખેલું ટીશ્યુ પેપર મળી આવતાં પાઈલટ અને ક્રૂએ તાત્કાલિક સુરક્ષા તંત્રને જાણ કરી હતી. અમદાવાદમાં વિમાનનું સુરક્ષિત લેન્ડિંગ કરાવી તેને અલગ રાખવામાં આવ્યું હતું અને તમામ 32 મુસાફર તથા ક્રૂ સભ્યોને સુરક્ષિત રીતે ટર્મિનલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ, સ્નિફર ડોગ્સ, સીઆઈએસએફ અને પોલીસની ટીમોએ વિમાન, મુસાફરોના સામાન તથા કાર્ગોની સઘન તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં કોઈ શંકાસ્પદ કે વાંધાજનક વસ્તુ મળી આવી ન હોવાનું જાણવા મળ્યું છે.

દમામ, સાઉદી અરેબિયાથી નવી દિલ્હી જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ હવામાં હતી, ત્યારે તેના શૌચાલયમાંથી એક ટીશ્યુ પેપર મળી આવ્યું હતું. આ ટીશ્યુ પેપર પર વિમાનમાં બોમ્બ હોવાની ધમકી લખવામાં આવી હતી. અમદાવાદ એરપોર્ટ પર ધમકીની જાણ થતાં જ સુરક્ષા તંત્રને એલર્ટ કરી દેવામાં આવ્યું હતું અને ઈમરજન્સી પ્રોટોકોલ લાગુ કરવામાં આવ્યો હતો. આ ફ્લાઈટ અમદાવાદ એરપોર્ટ પર પહોંચતા જ રનવે નજીક ફાયર વિભાગની ગાડીઓ, એમ્બ્યુલન્સ સહિતની જરૂરી વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. પ્રોટોકોલ મુજબ વિમાનમાં સવાર તમામ 32 મુસાફર અને ક્રૂ સભ્યોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા અને વિશેષ બસ મારફતે એરપોર્ટના ટર્મિનલ બિલ્ડિંગમાં ખસેડવામાં આવ્યા હતા. વિમાનને અલગ રાખ્યા બાદ બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ, સ્નિફર ડોગ્સ, સીઆઈએસએફ અને સ્થાનિક પોલીસની ટીમોએ સમગ્ર વિમાનની ઝીણવટભરી તપાસ શરૂ કરી હતી. વિમાનમાંથી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નથી. જેના પગલે સુરક્ષા એજન્સીઓએ રાહતનો શ્વાસ લીધો છે. જોકે, ધમકીભર્યો સંદેશ કોણે અને કયા ઈરાદાથી લખ્યો હતો તે અંગે તપાસ શરૂ કરવામાં આવી છે.

# પાટણમાં દારૂ પીવાથી બે યુવકનાં મોતના આક્ષેપથી ચકચાર

**ભાટસર** અને ઈટોદરા ગામની ઘટનામાં પરિજનોના આક્ષેપ

ગાંધીનગરઃ ભાવનગર લઠ્ઠાકાંડના પડઘા હજુ શમ્યા નથી ત્યાં પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના ભાટસર અને ઈટોદરા ગામમાં બે વ્યક્તિનાં દારૂ પીવાના કારણે મોત થયાના આક્ષેપથી ચકચાર મચી છે. ભાટસર ગામના 40 વર્ષીય રમેશભાઈ રાવળ અને ઈટોદરા ગામના 35 વર્ષીય લાભુજી ઠાકોરનાં મોતને પરિવારજનોએ દેશી દારૂ સાથે સાંકળીને ગેરકાયદે રીતે કેનાલ પર વેચાતા દારૂ સામે ગંભીર આક્ષેપો કર્યા છે.

આ અંગે મળતી માહિતી પ્રમાણે ચાણસ્મા તાલુકાના ભાટસર ગામમાં 40 વર્ષીય રમેશ રાવળનું મોત થયું હતું. પરિવારજનોના જણાવ્યા મુજબ રમેશભાઈ છેલ્લા ઘણા વર્ષોથી દેશી દારૂનું સેવન કરતાં હતા અને દારૂ પીવાના કારણે તેમનું મોત થયું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. બીજી તરફ ઈટોદરા ગામમાં 35 વર્ષીય લાભુજી ઠાકોરનું પણ મોત થયું હતું. પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો કે લાભુજી દારૂ પીધા બાદ બીમાર પડ્યા હતા અને તેમનું મોત થયું હતું.

### ધારાસભ્યે પોલીસની કામગીરી સામે સવાલ ઉઠાવ્યા

ઘટનાની જાણ થતાં ચાણસ્માના ધારાસભ્ય દિનેશ ઠાકોરે બંને મૃતકોના પરિવારજનોની મુલાકાત લઈ સાંત્વના પાઠવી હતી. ધારાસભ્યે જિલ્લામાં દારૂ અને જુગાર જેવી બદીઓ પર અંકુશ મેળવવાની જવાબદારી પોલીસની હોવાનું જણાવી પોલીસની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા હતા. તેમણે પાટણ એલસીબી પોલીસ સામે હપ્તાખોરી અને બેદરકારીના ગંભીર આક્ષેપો કરતાં દારૂના કારણે કિંમતી માનવજીવન નષ્ટ થઈ રહ્યું હોવાનો આક્ષેપ કર્યો હતો.

### લઠ્ઠાકાંડ થયો નથીઃ એસીપી

પાટણ પોલીસ વડાના જણાવ્યા પ્રમાણે જિલ્લામાં કોઈ લઠ્ઠાકાંડ થયો નથી અને બંને વ્યક્તિઓનાં મોત ઝેરી દારૂ પીવાથી થયાં નથી. બંને વ્યક્તિઓનાં મોત આજકાલમાં નહીં પરંતુ ચારથી પાંચ દિવસ અગાઉ થયાં હતાં અને બંને બનાવો અલગ-અલગ કારણોસર બન્યા હતા. બંને મોત અંગે મૃતકના પરિવારજનો કે હોસ્પિટલ તરફથી દારૂ પીવાથી મોત થયું હોવાની કોઈ જાણ પોલીસને કરવામાં આવી ન હતી. તેથી હાલ આ બંને બનાવોને ભાવનગર લઠ્ઠાકાંડ સાથે જોડવા અંગે કોઈ આધારભૂત માહિતી પોલીસ તપાસમાં સામે આવી નથી.

# LLMના વિદ્યાર્થીઓનું નાપાસ થવાથી વર્ષ નહીં બગડે

**૯૬ ક્રેડિટ**ના નવા માળખા સાથે કેરી ફોરવર્ડની સુવિધા, પૂરક પરીક્ષા અને ઉત્તરવહી જોવાની જોગવાઈ

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી એલએલએમના અભ્યાસક્રમ અને પરીક્ષા પદ્ધતિમાં મહત્ત્વના ફેરફારો કરવામાં આવ્યા છે.

નવી વ્યવસ્થા મુજબ કોઈ વિદ્યાર્થી એક-બે વિષયમાં નાપાસ થાય તો માત્ર તેના કારણે સમગ્ર શૈક્ષણિક વર્ષ બગડે નહીં તે માટે ચોક્કસ શરતોને આધીન રહીને ઉપલા સેમેસ્ટરમાં પ્રવેશની કેરી ફોરવર્ડ સુવિધા આપવામાં આવશે. અગાઉના બાકી વિષયની પરીક્ષા પાસ કરવાની જોગવાઈ યથાવત રહેશે. એલએલએમનો બે વર્ષનો અભ્યાસક્રમ ચાર સેમેસ્ટરનો રહેશે અને કુલ ૯૬ ક્રેડિટ હશે. દરેક પેપર ૧૦૦ ગુણનું રહેશે, જેમાં ૭૦ ગુણની બાહ્ય પરીક્ષા અને ૩૦ ગુણનું આંતરિક મૂલ્યાંકન રહેશે. બાહ્ય પરીક્ષામાં ૨૮ અને આંતરિકમાં ૧૨ ગુણ મેળવવા જરૂરી રહેશે. દરેક વિષયમાં કુલ ૪૦ ટકા તથા સેમેસ્ટર પાસ કરવા માટે કુલ ૫૦ ટકા ગુણ જરૂરી રહેશે. આંતરિક પરીક્ષામાં વાજબી કારણોસર ગેરહાજર રહેનાર વિદ્યાર્થીઓને પૂરક પરીક્ષા આપવાની તક મળશે. ઉપરાંત પરિણામ અંગે શંકા હોય તેવા વિદ્યાર્થીઓ માટે નિયમ મુજબ ઉત્તરવહી નિરીક્ષણની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ચોથા સેમેસ્ટરમાં સંશોધનને વિશેષ મહત્ત્વ અપાયું છે. તેમાં ૮ ક્રેડિટનું ડેઝર્ટેશન અને ૧૬ ક્રેડિટનું પ્રેક્ટિકલ/પ્રોજેક્ટ વર્ક રહેશે. ડેઝર્ટેશન તથા પ્રેક્ટિકલમાં ૫૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓના ગુણ કેરી ફોરવર્ડ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. અભ્યાસક્રમનું માધ્યમ અંગ્રેજી રહેશે, જ્યારે પરીક્ષા ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજીમાં આપી શકાશે.

# PNDT કમિટીની બેઠકમાં સુરત જિલ્લામાં 13 નવી અરજી મંજૂર

**જ્યારે** 8 રિન્યુઅલ અરજી પણ મંજૂર કરાઈ, રજિસ્ટ્રેશન ફીની નાણાકીય સમીક્ષા કરાઈ, ગર્ભસ્થ શિશુના જાતિ પરીક્ષણ પર તંત્રની નજર

સુરતઃ ગર્ભસ્થ શિશુના જાતિ પરીક્ષણને અટકાવી સમાજમાં સ્ત્રી-પુરુષનું પ્રમાણ જળવાઈ રહે તે હેતુથી અમલમાં રહેલા PC | PNDT એક્ટ-1994 અંતર્ગત સુરત જિલ્લા એડવાઈઝરી કમિટીની બેઠક જિલ્લા પંચાયત ખાતે યોજાઈ હતી. બેઠકમાં ગર્ભસ્થ શિશુના જાતિ નિર્ધારણને રોકવા માટે કાયદાની જોગવાઈઓના અસરકારક અમલ સહિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

જિલ્લા એડવાઈઝરી કમિટીની બેઠક ડો. વીણાબેન દેસાઈના અધ્યક્ષસ્થાને મળી હતી. બેઠક દરમિયાન PC | PNDT એક્ટ હેઠળ નોંધણી સંબંધિત અરજીઓની સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં 13 નવી અરજીઓ તેમજ 8 રિન્યુઅલ અરજીઓને બહાલી આપવામાં આવી હતી.

બેઠકમાં PC | PNDT એક્ટ હેઠળ જમા થતી રજિસ્ટ્રેશન ફીની નાણાકીય સમીક્ષા પણ કરવામાં આવી હતી. સંબંધિત નોંધણી પ્રક્રિયા, નિયમો અને કાયદાની જોગવાઈઓના પાલન અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા સ્તરે એડવાઈઝરી કમિટી દ્વારા નોંધણી તથા રિન્યુઅલની અરજીઓની તપાસ ઉપરાંત કાયદાના અમલ સાથે સંકળાયેલા વિવિધ પાસાઓની સમીક્ષા કરવામાં આવે છે.

તબીબી ક્ષેત્ર સાથે સંકળાયેલા નિષ્ણાતો અને આરોગ્ય વિભાગના અધિકારીઓની હાજરીમાં યોજાયેલી બેઠકમાં કાયદાના હેતુને અસરકારક રીતે અમલમાં મૂકવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

# મોગરાવાડીમાં ગણપતિ આગમણમાં બે ઢોર વચ્ચે યુદ્ધ થતાં ભાગદોડ

**કોઈપણ** પ્રકારની જાનહાનિ કે ગંભીર ઈજા ન થતાં રાહત



વલસાડઃ વલસાડ શહેરના મોગરાવાડી વિસ્તારમાં ગણેશોત્સવના ધામધૂમપૂર્વક આયોજન વચ્ચે એક અણધારી ઘટના સામે આવી હતી. શ્રીજીની આગમન યાત્રા દરમિયાન અચાનક બે ઢોરો વચ્ચે લડાઈ શરૂ થઈ જતાં રસ્તા પર હાજર શ્રદ્ધાળુઓ અને લોકોમાં ભારે અફરાતફરી અને ભાગદોડ મચી ગઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર મોગરાવાડી વિસ્તારમાં ડીજે અને ઢોલ-નગારાંના તા લે ભક્તો ગણપતિ બાપ્પાનું સ્વાગત કરી રહ્યા હતા. યાત્રા રસ્તા પરથી પસાર થઈ રહી હતી ત્યારે જ બે ઢોરો સામસામે આવી ગયાં હતાં અને તેમની વચ્ચે આક્રમક લડાઈ શરૂ થઈ ગઈ હતી. લડતા-લડતા વાછરડા ભીડ તરફ ધસી આવતાં લોકો પોતાના બચાવ માટે નાસભાગ કરવા લાગ્યા હતા. ઘટના સમયે રસ્તા પર મોટી સંખ્યામાં મહિલાઓ, બાળકો અને પુરુષો હાજર હતાં.

જોકે, સદનસીબે આ ભાગદોડમાં **કોઈપણ પ્રકારની જાનહાનિ કે ગંભીર ઈજા થઈ નથી**, જેથી આયોજકો અને સ્થાનિક લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. થોડીવાર માટે યાત્રાનો ઉત્સાહ થંભી ગયો હતો, પરંતુ બાદમાં પરિસ્થિતિ થાળે પડતાં ગણેશ આગમન યાત્રા પુનઃ શાંતિપૂર્ણ રીતે આગળ વધી હતી. સ્થાનિકોએ રખડતાં ઢોરોના ત્રાસ સામે તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી પણ માંગ કરી છે, જેથી આગામી તહેવારો દરમિયાન આવી કોઈ હોનારત ન સર્જાય.

# મહેસૂલી કર્મચારીની ૧૦ સપ્ટેમ્બરથી અચોક્કસ મુદતની હડતાળની ચીમકી

**મહેસૂલી** કર્મચારીઓએ આજે કાળી પટ્ટી ધારણ કરી કલેક્ટરને આવેદનપત્ર આપ્યું, ૭મીએ પેન ડાઉન, ૮મીએ માસ સીએલ

સુરતઃ રાજ્ય સરકારના મહેસૂલ વિભાગ દ્વારા કર્મચારીઓના લાંબા સમયથી પડતર પ્રશ્નોના ઉકેલમાં કરવામાં આવી રહેલી કથિત ઉપેક્ષા સામે સુરત જિલ્લા મહેસૂલી કર્મચારી મંડળે સોમવારે સુરત જિલ્લાના મહેસૂલી કર્મચારીઓએ ફરજ દરમિયાન કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવ્યો હતો. આ સાથે જ કર્મચારીઓના વિવિધ પ્રશ્નોના તાત્કાલિક નિરાકરણની માંગ સાથે જિલ્લા કલેક્ટરને વિસ્તૃત આવેદનપત્ર પણ સુપરત કરવામાં આવ્યું હતું.

મંડળના હોદ્દેદારોએ સરકારને સ્પષ્ટ ચીમકી આપતા જણાવ્યું છે કે વર્ષોથી પડતર રહેલી માંગણીઓ અંગે સમયસર હકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે તો આંદોલનને વધુ ઉગ્ર બનાવવામાં આવશે. જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ ૭ સપ્ટેમ્બરે ‘પેન ડાઉન’કાર્યક્રમ યોજાશે, ૮ સપ્ટેમ્બરે તમામ મહેસૂલી કર્મચારીઓ સામૂહિક રજા પર જશે અને ત્યારબાદ પણ પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો ૧૦ સપ્ટેમ્બરથી સમગ્ર જિલ્લામાં અચોક્કસ મુદતની હડતાળ શરૂ કરવામાં આવશે. મંડળના પ્રમુખ જલ્પાબેન ઉપાધ્યાય અને ઉપપ્રમુખ શૈલેષ દેસાઈએ જણાવ્યું હતું કે, હાલમાં કર્મચારીઓ દ્વારા ‘વર્ક ટુ રૂલ’નું આંદોલનાત્મક વલણ અપનાવવામાં આવ્યું છે. આ દરમિયાન બે નાયબ મામલતદારોની આશરે ૪૦૦ કિલોમીટર દૂર બદલી કરવામાં આવતા કર્મચારીઓમાં ભારે રોષ ફેલાયો છે.

### ૧૪ મુખ્ય માંગણીઓનો સમાવેશ

મહેસૂલી તલાટીઓના જોબચાર્ટમાંથી અન્ય વિભાગોને લગતી કામગીરી દૂર કરવાની માંગ કરવામાં આવી છે. ઉપરાંત વર્ષ ૨૦૧૨ના નાયબ મામલતદારોને રિ-એડજસ્ટમેન્ટ ડેટ આપી તેમની સિનિયોરીટી આખરી કરવા માટે પણ રજૂઆત કરવામાં આવી છે. નાયબ મામલતદાર અને મામલતદાર સંવર્ગમાં સીધી ભરતીની જગ્યાએ બઢતીથી ભરતીને પ્રાધાન્ય આપવાની માંગ પણ કરવામાં આવી છે. કર્મચારીઓની જિલ્લા ફેરબદલીમાં હાલની NOC પ્રથા રદ કરી તેના સ્થાને ઓનલાઇન પોર્ટલ શરૂ કરવાની માંગ છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### ગોડાદરાના ડી-માર્ટની...

એક જ ડી-માર્ટ સામે ત્રણ ફરિયાદો સામે આવી હોવા છતાં સંસ્થા સામે કડક પગલાં લેવાને બદલે નજીવો દંડ વસૂલી મામલો થાળે પાડવામાં આવ્યો હોવાનો આક્ષેપ થયો છે. ગોડાદરા વિસ્તારમાં કેપિટલ સ્ક્વેરથી મહારાણા પ્રતાપ ચોક વચ્ચે ગ્રીન રૂંગટા હોમ્સની પાછળ આવેલા ડી-માર્ટમાંથી પુણા વિસ્તારમાં રહેતી ભૂમિ પંડ્યાએ તા.૨૬ ઓગસ્ટે ડી-માર્ટની પોતાની બ્રાન્ડનું કાજુ-બદામનું પેકેટ ખરીદ્યું હતું. આજે સવારે ઘરે પેકેટ ખોલતાં તેમાં જીવાત જોવા મળતાં તેઓ તાત્કાલિક ડી-માર્ટ ખાતે પહોંચ્યા હતા અને પાલિકાને પણ જાણ કરી હતી. પાલિકાની ટીમ તેમજ ડી-માર્ટના મેનેજરની હાજરીમાં પેકેટ ખોલવામાં આવતાં તેમાં જીવિત અને મૃત હાલતમાં જીવાતો મળી આવી હતી. ગંભીર પ્રકારની ફરિયાદ સામે આવ્યા બાદ પણ ફૂડ વિભાગ દ્વારા માત્ર નોટિસ આપવામાં આવી હતી, જ્યારે ઝોનની ટીમ દ્વારા માત્ર રૂ.૫,૦૦૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, આ જ ડી-માર્ટ સામે અગાઉ પણ પાલિકાની કાર્યવાહી થઈ ચૂકી છે. તા.૨૨ ઓગસ્ટે એક્સપાયરી ડેટનો માલ વેચાણમાં રાખવા તેમજ સ્વચ્છતાના નિયમોનું પાલન ન કરવા બદલ મનપા દ્વારા રૂ.૭૫,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ કાર્યવાહી બાદ માત્ર ચાર દિવસમાં એટલે કે તા.૨૬ ઓગસ્ટે ડી-માર્ટમાંથી ખરીદાયેલા શ્રીખંડમાંથી દુર્ગંધ આવતી હોવાની અને શ્રીખંડ બગડી ગયાની ફરિયાદ સામે આવી હતી.

### પાલિકાએ ટોલ ફ્રી નંબર જાહેર કરવો જોઇએ

હાલમાં ફૂડની ફરિયાદની જે વ્યવસ્થા છે તે અનુસાર જુદા જુદા ઝોનમાં જુદા જુદા અધિકારીને ફરિયાદ કરવી પડે છે. દરેક લોકો પાસે આ નંબર હોતો નથી. આ નંબર પર જ જો વ્યાપક ફરિયાદ મળતી હોય તો પાલિકાએ ટોલફ્રી નંબર જાહેર કરવો જોઇએ. જેના પર કોઇપણ વિસ્તારમાંથી ફરિયાદ થઇ શકે.

### સામાન્ય દુકાનદાર...

કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે મોટા રિટેલ સ્ટોર સામે વારંવાર ફરિયાદો છતાં કાર્યવાહી માત્ર દંડ પૂરતી કેમ રહે છે તે સવાલ હવે ચર્ચામાં આવ્યો છે. પરિવારો ખાસ કરીને મધ્યમવર્ગીય ગ્રાહકો મોટા સ્ટોર અને મોલમાંથી પેકેજ્ડ ફૂડને ગુણવત્તાયુક્ત અને સુરક્ષિત માનીને ખરીદતા હોય છે. આવી સ્થિતિમાં એક જ સ્ટોરમાંથી વારંવાર ખાદ્ય ચીજવસ્તુઓ અંગે ફરિયાદો ઊઠે અને જીવાતવાળો ખાદ્ય પદાર્થ મળી આવે ત્યારે માત્ર રૂ.૫,૦૦૦નો દંડ કેટલો અસરકારક છે તે અંગે પણ સવાલો ઊભા થયા છે.

### હવે અડાજણની...

રસોડાની સ્વચ્છતા તેમજ ખાદ્ય સામગ્રીના સંગ્રહ સહિતની બાબતોની તપાસ કરી હતી. ચેકિંગ દરમિયાન ફૂડ વિભાગ દ્વારા વિવિધ ખાદ્ય પદાર્થોના સેમ્પલ લેવામાં આવ્યા હતા અને તેને લેબોરેટરીમાં પરીક્ષણ માટે મોકલવામાં આવ્યાં છે. તપાસમાં સામે આવેલી અનિયમિતતાઓ બદલ રેસ્ટોરન્ટના સંચાલક સામે દંડાત્મક કાર્યવાહી કરીને રૂ.૩ હજારનો દંડ વસૂલવામાં આવ્યો હતો. શહેરમાં ખાણી-પીણીની ચીજવસ્તુઓની ગુણવત્તા અંગે એક પછી એક ફરિયાદો સામે આવી રહી છે ત્યારે મનપાના ચેકિંગ સામે પણ હવે સવાલો ઊભા થઈ રહ્યા છે. ગ્રાહકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં ન થાય તે માટે માત્ર ફરિયાદ બાદ નહીં પરંતુ નિયમિત અને કડક ચેકિંગ જરૂરી બન્યું છે. મનપાએ પણ જાહેર આરોગ્ય સાથે ચેડાં કરનારા વેપારીઓ સામે આગામી દિવસોમાં વધુ કડક કાયદેસરની કાર્યવાહી કરવાની ચેતવણી આપી છે.

### પુણા-કુંભારીયાના...

વડા ખાવા માટે જે ટેબલો મૂકવામાં આવ્યા છે તેની આસપાસ પણ ભારે માખી બણબણવાથી માંડીને ગંદકી જોવા મળી રહી છે. ગણપતકાકાના કારીગરો દ્વારા પણ ગંદા હાથે આ વડા બનાવવામાં આવી રહ્યા હોવાનો વિડીયો વાઇરલ થયો છે. જોકે, મનપા દ્વારા હજુ સુધી ગણપતકાકાના વડા પર તપાસ કરવામાં આવી નથી તે આશ્ચર્યની બાબત છે.

### સ્મીમેરમાં લોકલ...

ખર્ચ કરવામાં આવે છે ત્યારે સુરતના સ્થાનિક વિદ્યાર્થીઓને તેનો યોગ્ય લાભ મળવો જોઈએ. સ્થાનિક ક્વોટા હેઠળ વધુ બેઠકો ઉપલબ્ધ થાય તો સુરત અને સ્થાનિક વિસ્તારના લાયક વિદ્યાર્થીઓને તબીબી શિક્ષણ મેળવવાની વધુ તકો મળી શકે તેવી રજૂઆત સાથે આ લડત ચાલી રહી છે. બંને પક્ષોની રજૂઆત બાદ હાઇકોર્ટે હવે સરકારને બે દિવસની અંદર આ મામલે પોતાનો જવાબ/વલણ રજૂ કરવાનો આદેશ આપ્યો છે. સાથે જ મામલાની વધુ સુનાવણી પણ પરમદિવસે રાખવામાં આવી છે. આદેશ બાદ હવે સૌથી મોટો સવાલ એ છે કે ત્રણ વખત સમય લીધા બાદ ગુજરાત સરકાર આગામી બે દિવસમાં હાઇકોર્ટ સમક્ષ શું જવાબ રજૂ કરે છે?

### હવે સરકાર કોર્ટને કેટલું ગંભીરતાથી લે છે તેના પર નજર

સ્મીમેરની 175 સ્થાનિક બેઠકોની માગ માત્ર બેઠકોની સંખ્યાનો મુદ્દો નથી, પરંતુ મહાનગરપાલિકા સંચાલિત મેડિકલ કોલેજના લાભમાં સ્થાનિક વિદ્યાર્થીઓનો હિસ્સો કેટલો હોવો જોઈએ તે અંગેનો મહત્વનો પ્રશ્ન બની ગયો છે. હવે હાઇકોર્ટ દ્વારા સરકારને માત્ર બે દિવસમાં જવાબ રજૂ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે ત્યારે સરકાર આ મામલે કોર્ટને કેટલી ગંભીરતાથી લે છે, સ્થાનિક ક્વોટા અંગે તેનું ચોક્કસ વલણ શું છે અને 175 બેઠકોની માગ સામે તે શું રજૂઆત કરે છે, તેના પર સુરતના વાલીઓ, વિદ્યાર્થીઓ અને સમગ્ર શહેરની નજર મંડાઈ છે.

### સુરતને પહેલી...

ઉદયપુર સિટીથી બપોરે ૩:૩૫ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે ૬:૧૦ વાગ્યે સુરત પરત ફરશે. આ ટ્રેન ક્યારથી શરૂ થશે તેની હાલમાં જાહેરાત કરવામાં આવી નથી પણ ઝડપથી તેની પણ જાહેરાત થશે. પ્રથમ દિવસે ઉદ્દઘાટન સેવા તરીકે જ આ ટ્રેન દોડશે. બીજા દિવસથી ટ્રેન નિયમિત દોડશે.

### અઠવાડિયામાં ૬ દિવસ દોડશે

આ નવી વંદે ભારત ટ્રેન અઠવાડિયામાં ૬ દિવસ દોડશે અને માત્ર મંગળવારના રોજ તેનું સંચાલન બંધ રહેશે. આ ટ્રેનમાં ૮ કોચનું આધુનિક રેક હશે. ટ્રેનનું પ્રાયમરી મેન્ટેનન્સ સુરત ખાતે જ કરવામાં આવશે, જ્યારે વડોદરા અને અસારવા સ્ટેશને ટ્રેનમાં પાણી ભરવાની (વોટરિંગ) વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

### ઉદયપુર-અસરવા વંદે ભારત ટ્રેન કરાઈ બંધ

રેલવે મંત્રાલયે આ વંદે ભારત શરૂ કરવાની સાથે અગાઉથી દોડતી ઉદયપુર સિટી-અસારવા (અમદાવાદ) વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને કાયમી ધોરણે બંધ કરવાનો નિર્ણય લીધો છે. તેના સ્થાને હવે આ નવી સુરત-ઉદયપુર વંદે ભારત ટ્રેન દોડાવવામાં આવશે.

### નિધિ પટેલના...

પીડિત પરિવાર અને ગ્રામજનો ન્યાયની આશ લગાવીને બેઠા છે, ત્યારે ઉચ્ચ પોલીસ અધિકારીઓની દેખરેખ હેઠળ કાર્યરત SITની ટીમ માત્ર ચોપડાઓ અને શંકાસ્પદોની પૂછપરછ સુધી જ સીમિત રહી ગઈ હોય તેમ લાગે છે. ઘટના સ્થળેથી મળેલા પ્રાથમિક પુરાવાઓ અને ટેકનિકલ સર્વેલન્સ હોવા છતાં, મૂળ હત્યારા સુધી પહોંચવામાં પોલીસ કેમ લાચાર સાબિત થઈ રહી છે તે અંગે અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. સ્થાનિકોમાં વધી રહેલા રોષ અને અસંતોષ વચ્ચે હવે પોલીસ તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. તપાસ માટે ખાસ ટીમ બનાવવામાં આવી હોવા છતાં ગુનાનો ભેદ ઉકેલવામાં કેમ કોઈ મોટો વળાંક આવ્યો નથી? આજના આધુનિક સમયમાં સર્વેલન્સ અને સીસીટીવી નેટવર્ક હોવા છતાં આરોપીઓ કઈ રીતે પોલીસની પકડથી દૂર છે? જેમ જેમ સમય વિતી રહ્યો છે, તેમ તેમ પુરાવા નાશ પામવાની અને કેસ નબળો પડવાની ભીતિ વ્યક્ત થઈ રહી છે. નિધિ પટેલને ન્યાય અપાવવામાં પોલીસની આ ગોકળગાય ગતિ અને દિશાહીન તપાસ હવે લોકોના આક્રોશનું કારણ બની રહી છે. જો ટૂંક સમયમાં કોઈ નક્કર પરિણામ નહીં આવે, તો ગ્રામજનો અને સમાજના લોકો દ્વારા ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી રહી છે.

### ભાજપ વોર્ડ...

ભાજપ કાર્યાલયમાં જ હુમલો કરાયો હતો. ત્યાર બાદ સથવારા સમાજ વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણીઓ કરાઈ હોવાના આક્ષેપો સાથે સમાજના આગેવાનોએ વિરોધ પ્રદર્શન કરીને મનોજ ખેર પર કાર્યવાહી માટે માંગ કરી હતી. જેમાં હજુ સુધી કંઈ નહી થતા સરથાવારા સમાજમાં ભારે રોષ ફેલાયો છે. કાર્યાલયમાં જ એક હોદ્દેદાર સાથે કથિત મારામારી અને જ્ઞાતિ અપમાનના આક્ષેપો થયા હોવા છતાં સંગઠનની ચૂપકિદી ઘણું બધું કહી જાય છે. પક્ષના આંતરિક સ્તરે સમાધાન થઈ ગયું હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે, પરંતુ સથવારા સમાજના આગેવાન વૈભવ કણજરીયાએ આ વાતને સદંતર નકારી કાઢી છે. સમાજે સ્પષ્ટ માંગ કરી છે કે પ્રદીપ મોરીને ન્યાય આપવામાં આવે, મનોજ ખેર જાહેર માફી માંગે અને પક્ષના નિયમો મુજબ તેમની સામે કડક શિસ્તભંગની કાર્યવાહી થાય. જો તહેવારો બાદ કાર્યવાહી નહીં થાય તો પ્રદેશ પ્રમુખ, મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી સમક્ષ ગાંધીનગરમાં રજૂઆત કરવામાં આવશે.

### કડોદરામાં બુટલેગર...

રહેતો નયન સંતોષ ડુકરે (પાટીલ) અને તેનો મિત્ર સાહિલ પરસોત્તમ મકવાણા સોસાયટીના નાકે કુમાર પેઈન્ટરની દુકાન પાસે ઊભા હતા. દરમિયાન જૂની અદાવતની રીસ રાખીને વિસ્તારમાં દેશી-વિદેશી દારૂના નેટવર્ક સાથે સંકળાયેલો બુટલેગર પિંકેશ શુક્લા તેના સાગરીતો બાદશાહ ઉર્ફે અજય યાદવ અને કાલુ ઉર્ફે સંતકુમાર જયસ્વાલ સાથે વાદળી રંગની બલેનો કારમાં હથિયારો સાથે ત્યાં ધસી આવ્યો હતો. બંને જૂથ વચ્ચે ઉગ્ર બોલાચાલી થયા બાદ ઉશ્કેરાયેલા પિંકેશ શુક્લાએ પોતાની પાસે રહેલી રિવોલ્વરમાંથી સીધું ફાયરિંગ કર્યું હતું. ગોળી નયનના ડાબા પગના ઘૂંટણમાં ઘૂસી જતાં તે લોહીલુહાણ થઈ ઢળી પડ્યો હતો. બીજી તરફ સાહિલ મકવાણાએ બચાવમાં પોતાની પાસે રહેલા ચપ્પુથી હુમલો કરી દેતાં સામા પક્ષના બાદશાહને પગ, પેટ અને મોંના ભાગે તથા કાલુને પણ ગંભીર ઈજા પહોંચી હતી. હુમલા બાદ પિંકેશ અને તેના સાગરીતો કારમાં ફરાર થઈ ગયા હતા.

ગોળી વાગવાથી ઘવાયેલા નયનને સ્થાનિકોની મદદથી કડોદરાની સંજીવની હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ જ સમયે સામા પક્ષના ઈજાગ્રસ્ત બાદશાહ અને કાલુ પણ ત્યાં જ સારવાર અર્થે પહોંચ્યા હતા. ત્યાં હાજર પિંકેશ શુક્લાએ પોલીસના ડર વિના નયનને ધમકી આપતાં કહ્યું હતું કે, ‘તેરા પેર અબ કટવા લેના, તેરે બાપ કો ભી ગોલી મારુંગા.’ પરિસ્થિતિ વણસતા તમામ ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે સુરતની મહાવીર અને અન્ય ખાનગી હોસ્પિટલોમાં રીફર કરવામાં આવ્યા છે. કડોદરા પોલીસે સામસામી ફરિયાદ નોંધી બંને જૂથના મુખ્ય આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

### કડોદરામાં કાયદો-અને વ્યવસ્થાની સ્થિતિ પર સવાલ

આ ઘટના માત્ર બે જૂથો વચ્ચેની મારામારી નથી, પરંતુ કડોદરા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર મોટો સવાલ ઊભો કરે છે. અથડામણમાં સામેલ એક પક્ષ (સાહિલ અને નયન) સુરતના ચકચારી રાંદેર પત્રકાર હત્યા કેસના આરોપીઓ છે, જ્યારે બીજો પક્ષ (પિંકેશ શુક્લા) સ્થાનિક વિસ્તારમાં દારૂનું ગેરકાયદે નેટવર્ક ચલાવતો બુટલેગર છે. પોલીસની નાક નીચે એક બુટલેગર જાહેરમાં રિવોલ્વર લઈને ફરે અને ‘સાલે કો માર હી ડાલતા હું’ કહીને ફાયરિંગ કરે તથા હોસ્પિટલમાં જઈને ફરી જાનથી મારી નાંખવાની ધમકી આપે, તે દર્શાવે છે કે આ માથાભારે તત્ત્વોને ખાખી વર્દીનો કોઈ જ ખોફ રહ્યો નથી. ગુનાહિત ઈતિહાસ ધરાવતાં આ બંને જૂથોનું ખુલ્લેઆમ હથિયારો સાથે ફરવું સ્થાનિક નાગરિકોની સુરક્ષા માટે મોટો ખતરો બની ગયો છે.